સવારે યા સાંજે

અકિલા

તા. ૮ સપ્ટેમ્બર ૨૦૧૦ વિક્રમ સંવત ૨૦૬૬ શ્રાવણ વદ અમાસ બુધવાર

મુખ્ય સમાચાર

## અમેરિકામાં સિલિકોન વેલીના ''શ્રીમય કૃષ્ણધામ''માં શ્રી વ્રજરાજકુમારજી મહોદયના સાનિધ્યમાં નંદમહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો





















*'બે-વીપી'ના 'શ્રીમયકૃષ્ણ ધામ'માં 'શ્રીનાથજી ચરિત્રામૃત' વ્યાખયનમાળા નિમિતેના નિજ મંદિરના શૃંગારનું દ્રશ્ટ ક્રાંતિકારી યુવા વૈષ્ણવાચાર્ય પુ.પા.ગો.૧૦૮ ની આગેવાનીએ નીકળેલ શોભાયાત્રામાં સંમિલિત ભાવિકો. 'શ્રીનાથજી ચરિત્રામૃત' કથાનું રસપાન કરતાં ભાવિકો. કૃષ્ણજન્મોત્સવ પર્વની ઉજવણીમાં માતા જસોદા અને નંદબાવા સ્વરૂપે બાળકૃષ્ણરૂપ તેમના ચાર માસના પુત્ર નિલને વાંસની ટોકરીમાં પધારવીને દર્શન કરાવતાં મુખ્ય યજમાન દંપતિ પાયલબહેન-સંતોષભાઇ શાહ પરિવાર સહિત. જૈક્સનવિલ, ફલોરિડાથી પધારેલ મુખ્ય યજમાન દંપતિ રેખાબહેન-હસમુખભાઇ દલસાણિયા હસ્તક સંપુર્ણ શાસ્રોક્ત વિધિથી દહી-દુધ-ઘીનો પંચામૃત અભિષેક વિધિ કરાવતાં વૈષ્ણવાચાર્ય પુ.પા.ગો. ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રીના દર્શન કરતાં ભાવિકો. બાળકૃષ્ણના પર૩૭માં જન્મદિન પર્વોત્સવ નિમિતેના મુખ્ય મનોરથી યજમાન દંપતિ પાયલબહેન-સંતોષભાઇ શાહ ટોકરીમાં રમતાં તેમના ચાર માસના પુત્રને બાળકૃષ્ણના ભાવથી ખિલૌનાથી રમાડતા આચાર્યચરણ પુ.પા.ગો.૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રી. કૃષ્ણજન્મોત્સવ નિમિતેના સહયોગી મુખ્ય મનોરથી પરિવાર વચ્ચે આરતી ઉતારતા યુવા વૈષ્ણવાચાર્યજી. 'બે-વીપી' ની કારોબારી સમિતિના સદસ્યો વચ્ચે પુ.પા.ગો. ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રી. ક્રાંતિકારી યુવા વૈષ્ણવાચાર્ય પુ.પા.ગો.૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રી લાક્ષણિક મુદ્રામાં. (તસ્વીરો-શશિ દેસાઇ)*

(પ્રવિણ દેસાઇ દ્વારા), મિલપીટાસ/કેલિફોર્નિયા : 'બે-એરિયા યુવા વૈષ્ણવ પરિવાર-બે-વીપી' ના આંગણ શ્રીમયકૃષ્ણધામમાં શ્રાવણ વદ સાતમ ૧ સપ્ટેમ્બરથી શ્રાવણ વદ ૧૩-૬ સપ્ટેમ્બર, ૨૦૧૦ દરમિયાન વડોદરા નિવાસી યુવા વૈષ્ણવાચાર્ય પુ.પા.ગો.૧૦૮ શ્રી વ્રજરાજકુમારજીના સ્વમુખે 'શ્રીનાથજી ચરિત્રામૃત કથા' ના રસપાનનું આયોજન કરવામાં આવ્યું હતું. ધર્મ અનુરાગી મુખ્ય મનોરથી દંપતિ કેયુરાબેન-કૌશલભાઇ મહેતાના યજમાનપદે છ દિવસીય વ્યાખ્યાનમાળા દરમિયાન આપશ્રીએ સંગીતમય શૈલીએ સરળ દ્રષ્ટાંતો યુક્ત પુષ્ટિમાર્ગના પાયાના સિધ્ધાંતોની સમજ સાથે શ્રીનાથજી પ્રાગટય અને લીલાઓ, શ્રીગિરિરાજજી, શ્રીમહાપ્રભુજી, શ્રી ગુસાંઇજી તથા અષ્ટ સખાના પ્રેક પ્રસંગોના વર્ણન સંલગ્ન વિવિધ દિવ્ય મનોરથો, ઉત્સવોની ઝાંખી કરાવી હતી.

'બે-વીપી' ના ગૌરાવાકિંત ઈતિહાસમાં આયોજીત વ્યાખનમાળામાં હજારો વલ્લભી વૈષ્ણવો સાથે સ્થાનિક વિવિધ ભારતીય સંસ્થાઓના અગ્રણીઓ, ભારત અને અમેરિકાના દુરદુરના જુદા જુદા વિસ્તારોના સંખ્યાબંધ પરિવારો પધારેલ હતા. જેમાં સિલિકોન વેલીના મિલપીટાસ ઉપનગરના 'ઇકોનોમીક ડેવલપમેન્ટ એન્ડ સિટી પ્લાનીંગના' ચેરમેન ધવલ બ્રહ્મભટ્ટ, 'ગુજરાતી કલ્ચરલ એસોસીએશન-જીસીએ' ના પ્રમુખ દક્ષેશભાઇ ચોકસી, 'બેએપીએસ-સ્વામિનારાયણ સંસ્થા'- મિલપીટાસ/કેલિફોર્નીયા વિવિધ આધ્યાત્મિક-સામાજીક પાંખોના વડા કાર્યકરો સર્વશ્રી શશિભાઇ પટેલ, મયુરાબહેન પટેલ, હર્ષદભાઇ શાહ, કલ્પનાબહેન શાહ, નવિનભાઇ-મંજુલાબહેન તથા 'ધી હિન્દુ અમેરિકન ફાઉન્ડેશન-એચએએફ' ના ડો. મિહીરભાઇ મેઘાણીની ઉપસ્થિતિ ખાસ ધ્યાનાકર્ષક રહી હતી.

પાંચ હજાર વર્ષ પુર્વે પુર્ણપુરૂષોતમ ભગવાન શ્રીકૃષ્ણ શ્રાવણ વદ આઠમની મધરાતે રોહિણી નક્ષત્રમાં મથુરામાં મામા કંસના કારાગૃહમાં માતા દેવકી પિતા વાસુદેવના કુખે ભૂમિનો ભાર ઉતારવા અને તેની લીલાઓના દર્શન કરાવવા વિષ્ણુના આઠમાં અવતાર-ભગવાન શ્રીકૃષ્ણએ ધરતી પર જન્મ લઇને ગોકુળમાં પાલક પિતા નંદબાવા અને માતા જસોદાના પડખે ઉછરીને વિવિધ લીલાઓના દર્શન કરાવ્યાં હતાં.

એ કાનાના પર૩૭ માં જન્મદિનની વધામણી કરતાં વ્યાખનમાળા અંગર્તત યોગાનુયોગ આવેલ શ્રીકૃષ્ણ જન્મોત્સવ-જન્માષ્ટમી તથા નંદમહોત્સવ પર્વની ઉજવણી ખુબ જ ધામધુમથી વાજતે ગાજતે 'બે-વીપી'ના શ્રીમયકૃષ્ણ ધામ હવેલી-નંદાલયમાં ખુશ્નુમા વાતાવરણ વચ્ચે સોળે શણગાર સજેલ વલ્લભી વૈષ્ણવોની ભારે ભીડ વચ્ચે શ્રાવણ વદ અષ્ટમીને ગુરૂવાર, ર સપ્ટેમ્બર ૨૦૧૦ ના રોજ નિજ મંદિરના ગર્ભગૃહમાં કરવામાં આવી હતી.

ક્રાંતિકારી યુવા વૈષ્ણવાચાર્ય પુ.પા.ગો.૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહોદયના સાનિધ્યમાં મુખ્ય યજમાન દંપતિ પાયલબહેન-સંતોષભાઇ શાહ કૃષ્ણજન્મોત્સવ પર્વની ઉજવણીમાં માતા જસોદા અને નંદબાવા સ્વરૂપે બાળકૃષ્ણરૂપ તેના ચાર માસના પુત્ર નિલને વાંસની ટોકરીમાં પધરાવીને દર્શન કરાવ્યાં હતા. ચોમેર અનરાધાર વરસતા વરસાદમાં બે કાંઠે વહેતી યમુના નદીના ધુંધવતાં ઘોડાપુર વચ્ચે ગોકુળમાં નંદબાવા અને માતા જસોદાને ત્યાં બાળકૃષ્ણને પધરાવતાં પાણીની સપાટી ઉપર પ્રકૃતિ અને સંગીતના અલૌકિક વાતાવરણને રચતા સુર સાધકો કી-બોર્ડ પર શ્રીગિરી મહરાજ-ભુપેન્દ્રભાઇ બી. ગોસ્વામી અને અમદાવાદ રેડિયો સ્ટેશનના જાણીતા તબલાવાધક કલાકાર પરાપતર શુકલાજીની સુર સરિતાએ હૈયે હૈયુ દયાળ એટલી ભાવિકોની ભીડ વચ્ચે નવજાત શિશુ બાળકૃષ્ણની મથુરાથી ગોકુળની સૌ પ્રથમ કઠિન યાત્રાના આબેહુબ દર્શન નિહાળતા ભાવવિભોર જનમેદનીએ લાલાના ચરણસ્પર્શ કરી પુષ્પાંજલી અર્પી ધન્યતા અનુભવી હતી.

રાત્રિના બારાબર બારના ટકોરે ભાવિકોની ભીડ વચ્ચે 'બે-વીપી' ની સમસ્ત કારોબારીના સદસ્યોના સંચાલન તથા વિવિધ પાંખના સ્વયંસેવકોના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે 'નંદ ઘરે આનંદ ભયો જય કનૈયાલાલકી...' ના જયઘોષથી ગુંજતું 'શ્રીમયકૃષ્ણ ધામ' ગોકુલમય બની ગયું હતું. કાનુડાના જન્મદિનની વધાઇ આપવાં ખાસ જેક્સનવિલ, ફ્લોરિડાથી પધારેલ મુખ્ય યજમાન દંપતિ રેખાબહેન-હસમુખભાઇ દલસાણીયા દ્વારા વૈષ્ણવાચાર્ય પુ.પા.ગો.૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહોદયે સંપુર્ણ શાસ્રોક્ત વિધિથી દહી-દુધ-ઘીનો પંચામૃત અભિષેક કરાવ્યો હતો. જેમાં મુખ્ય મનોરથી દંપતિ ઉર્વિબહેન-મુકેશભાઇ અમલાણી ભવ્ય આધ્યાત્મિક વિધિમાં જોડાયા હતા.

બીજા દિવસે યુવા વૈષ્ણવાચાર્યજીની અમૃતવાણી દ્વારા વૃંદાવનમાં શ્રીગિરિરાજ પર્વત પર શ્રીનાથજી પ્રભુના

ઐતિહાસિક પ્રાગટ્ય વર્ષની આવરતા શુભઉલ્લાસભાવ જગદ્ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી-શ્રીમહાપ્રભુજીના સિધ્ધાંતોમાં શ્રીકૃષ્ણઃશરણંમ્ મમ઼ : ના અષ્ટાક્ષર મહામંત્ર સહ કૃષ્ણાશ્રયના નિશ્ચયના બળની ઉપાસનામાં રહેલ સંપ્રદાયના પાયાને મજબુત બનાવવાની આજ્ઞા અનુસારના 'બ્રહ્મસંબંધ' ની મહતા તથા તેનું મહત્વ સમજાવીને પ્રત્યેક મનુષ્યના આંતરમનમાં બિરાજમાન પરમાત્મા સાથે અવિરત સંકલિત 'નંદ મહોત્સવ' ની અલૌકિક અનુભુતિના સાક્ષાત્કારના અનુભવની પ્રતીતિ કરાવતાં અનકે ઐતિહાસિક સંપ્રદાયી ૨૫૨ તથા ૮૪ વૈષ્ણવોના જીવનની વાતોને વિસ્તારપુર્વક સમજાવી હતી.

સાન ફ્રાન્સિકો અખાતી તટવર્તી વિસ્તારની જગપ્રસિધ્ધ આઇ-ટી ક્ષેત્રની રાજધાની સિલિકોન વેલીનું અતિ લોકપ્રિય 'બે-એરીયા યુવા વૈષ્ણવ પરિવાર બે-વીપી' ના ઉપક્રમે 'શ્રીમયકૃષ્ણધામ' હવેલી નંદાલય પ્રગટ કરવાની પરિકલ્પના આચાર્યચરણો પુ.પો.ગો.૧૦૮ શ્રી ઈન્દિરાબેટીજી- 'પુ.જીજી' તથા ષષ્ઠપીઠાધિશ્વર કલ્યાણરાયજી હવેલી-કારેલી બાગ, વડોદરાના પુ.પા.ગો.૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રીની આર્ષદ્રષ્ટી રહી છે. તેના પરિપાકરૂપ નોર્થન કેલિફોર્નિયામાં પુષ્ટીમાર્ગીય હવેલી સાકાર કરવાની દિશામાં વ્યકિતગત રીતે વલ્લભી વૈષ્ણવોના હ્દયના પડઘાએ સમગ્ર ઉત્તર અમેરિકામાં ભારતીય સંસ્કાર-સંસ્કૃતિ સાથે સનાતન હિન્દુ ધર્મની પુષ્ટિ સંપ્રદાયી ધજા-પતાકા ફરકવતું 'બે-વીપી' સામાજીક પ્રવૃતિઓ સાથે માતૃભાષા ગુજરાતી, દેવભાષા સંસ્કૃત અને રાષ્ટ્રભાષા હિન્દી ભાષાને ધબકતી રાખે છે.

એવાં ભાવનાત્મક પુષ્ટિ સંપ્રદાયની આધ્યાત્મિક શ્રેષ્ઠતાના પ્રતિકરૂપ અનુપમ નંદાયલ-હવેલી અથવા મંદિરની સ્થાપનાના મજબુત પાયામાં આવશ્યક પ્રતિકાત્મક એક ન્યોછાવર ઈંટરૂપી આર્થીક સહયોગની આવશ્યકતા છે. આચાર્ય પીઠ પરથી મનુષ્યના જીવનમાં શાશ્વત શાંતિ અને આનંદના અવિરત પ્રવાહને અસ્ખલિત રાખતા સ્વયં પ્રકાશિત દેવાલયની પરિકલ્પનાને સાકાર કરવાના પુ.પા.ગો. ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રીના હ્દયના ભાવાત્મક વકતવ્યના પડઘારૂપ અનેક સહયોગીઓના સમર્થનાત્મક નિર્ધાર સાથે બહુમુલ્ય ફાળાથી માત્ર ત્રીસ જ મિનિટમાં માતબર રકમથી 'બે-વીપી' ના ટહેલની ઝોળી છલકાઇ ગઇ હતી.

બાળકો-યુવક-યુવતીઓ સહિત ઉપસ્થિત વિશાળ સંખ્ય ભાવિકોને 'નંદ મહોત્સવ' ની વધામણી આપતાં આચાર્ય ચરણે સાકર-સુકામેવા અને કેન્ડિની લ્હાણી કરી હતી. જેને દરેક ઉત્સાહભેર એકત્રિત કરી હતી. આ પ્રસંગે યુવા આચાર્યએ વ્રજ શૈલીએ વયસ્ક ભાવિકોને લઇને કૃષ્ણજન્મની વધાઇના ખેલ ખેલ્યાં હતાં.